<u>નાની સિંચાઇ યોજનાઓમાં સહભાગી સિંચાઇ વ્યવસ્થા</u>

ગુજરાત સરકાર,
નર્મદા અને જળસંપત્તિ વિભાગ,
બ્લોક નં.૯, નવા સચિવાલય,
ગાંધીનગર
પરિપત્રક્રમાંક:એસ-૯૮૯૫-આઇબી-૨૮-આઇ,
તારીખ:૩૦-૧૨-૯૬.

<u>આ મુ ખ :</u>

ગુજરાત રાજયમાં વરસાદની અનિયમિતતાને કારણે અવાર નવાર અછત કે અર્ધ અછતની પરિસ્થિતિનું નિર્માણ થાય છે. આ સંજોગોમાં પીવાના પાણીની અને પશુધન માટે ઘાસચારાની તંગી ઉદભવે છે. તેથી સંગ્રહ કરવામાં આવેલ તેમજ સંગ્રહ થઇ શકે તેવી જળ રાશીઓનો સમજપુર્વક કરકસરયુકત ઉપયોગ કરવો અનિવાર્ય બની રહેલ છે.

રાજયના જુદા જુદા વિસ્તારોમાં આવેલી સિંચાઇ યોજનાઓ પાછળ કરેલ મુડી રોકાણ બાદ જે સિંચાઇ ક્ષમતા ઉત્પન્ન થયેલ છે તેનો શકય તેટલો મહત્તમ ઉપયોગ થાય અને ઉત્તરોત્તર સિંચાઇ તેમજ ઉત્પાદનનું પ્રમાણ વધે, તે માટે આ લાભિત ખેડુતોના અનુભવો તેમજ સુચનોનો ઉપયોગ સુચનોનો ઉપયોગ કરી સ્વૈચ્છિક સંસ્થાના માર્ગદર્શન હેઠળ તેમનુ સંગઠન થાય તેવા સહભાગી સિંચાઇ વ્યવસ્થાના સિધ્ધાંતને સરકારશ્રીએ સ્વીકારેલ છે.

જુનાગઢ જિલ્લામાં આવેલ ચંદ્રાવાડી નાની સિંચાઇ યોજનાના આયોજન તબકકેથી જ આગાખાન ગ્રામ સમર્થન કાર્યક્રમ (ભારત) જેવી સ્વૈચ્છિક સંસ્થાના સહયોગથી લાભિત ખેડુતોના સંગઠનોસંકળાયેલ છે અને યોજનાના આયોજન તેમજ આલેખનમાં લાભિત ખેડુતો ધ્વારા કેટલાક ઉપયોગી સુચનો કરવામાં આવેલ હતા. જેના સારા પરિણામો આવેલ છે. સહભાગી સિંચાઇ વ્યવસ્થાની અગત્યતાને સમજીને સરકારશ્રીએ નવેમ્બર-૯૪ માં રાજયકક્ષાએ મુખ્ય સચિવશ્રીના અધ્યક્ષપદે ઉચ્ચકક્ષાની કાર્યકારી જુથની રચના કરી છે. જેના સભ્યો તરીકે સરકારશ્રીના સબંધિત વિભાગોના સચિવશ્રી/અધિક મુખ્ય સચિવશ્રીની નિમણુંક થયેલ છે. આ જુથમાં સ્વૈચ્છિક સંસ્થાના પ્રતિનિધિઓનો પણ સમાવેશ કરવામાં આવેલ છે. તે ઉપરાંત સચિવશ્રી, નર્મદા અને જળસંપત્તિ વિભાગના અધ્યક્ષપદે એક સ્થાયી સમિતિની પણ રચના કરી છે. આ સમિતિની તા. ૫-૨-૯૬ ની બેઠકમાં નાની સિંચાઇના કામો, ચેકડેમ અને અનુશ્રવણ તળાવ યોજનાઓમાં લાભિતોને આલેખન અને આયોજનના તબકકાથી સાંકળવા અને જો લાભિતો તે અંગે એક સંગઠન બનાવે તો તેવી યોજનાના બાંધકામ માટે પણ તેમને પ્રાધાન્ય આપવુ તેમ નકકી થયેલ.

<u>ઠ રા વ</u> :

નાની સિંચાઇના કામોના આલેખન તબકકેથી જ સ્વૈચ્છિક સંસ્થાઓના સહયોગથી લાભિતોને સાંકળવા બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી. કાળજીપુર્વકની વિચારણાને અંતે ઠરાવવામાં આવે છે કે નાની સિંચાઇના કામો જેવાં કે ચેકડેમ, અનુશ્રવણ તળાવ, નાની સિંચાઇ યોજના વગેરેમાં આયોજન તેમજ આલેખન તબકકે લાભિતો વધુ રસ લે તે માટે નીચે પ્રમાણેની કાર્યવાહી કરવી.

(૧) આયોજન અને આલેખનના તબક્કે સ્વૈચ્છિક સંસ્થાના સહયોગથી લાભિત ખેડુતો પ્રવર્તમાન નિયમો પ્રમાણે સંગઠન તૈયાર કરીને યોજના સાથે સંકળાય તેવા પ્રયત્નો કરવા જેથી તેમના અનુભવનો લાભ લઇ શકાય.

(૨) લાભિત ઇસમો સહભાગી સિંચાઇ વ્યવસ્થાનુ મહત્વ સમજે તે માટે સ્વૈચ્છિક સંસ્થા/સરકારશ્રીની કક્ષાએ તેમને જાગૃત કરવા સેમીનાર, વર્કશોપ વગેરેનુ આયોજન કરવુ.

(૩) માન્ય ખેડુત સંગઠનો જો બાંધકામ માટે તૈયારી બતાવે તો સહભાગી સિંચાઇ વ્યવસ્થાના પ્રવર્તમાન ધોરણોસર તેમને આપવાતો થતો ફાળો ભરે અને બાંધકામ માટે સંગઠન સક્ષમ જણાય તો તેવા સંગઠનોને પ્રાધાન્ય આપવુ.

સહી/-
(કે.એન.અક્કુવાલા)
ઉપસચિવ,
નાની સિંચાઇ.